**CRMA-J No. 361/2022**

**:: મુદ્દામાલની અરજી લગત હુકમ ::**

૧. અરજદારની અરજીની હકીકત એવી છે કે તેઓની સાથે સાઇબર ક્રાઇમનો બનાવ બનેલ છે અને તેઓના બેન્કના ખાતામાંથી નાણા ઉપડી જતા તે બાબતે ૧૯૩૦ ને કોલ કરી ફરીયાદ નોંધાવેલ જેથી સાઇબર ક્રાઇમ પોલીસ દ્વારા તેઓના ખાતામાંથી ગયેલ નાણા પૈકીની રકમ ક્રી પ્રો કોડની કલમ ૧૦૨ મુજબ ફ્રીજ કરવામાં આવેલ છે અને તે રકમ આજદીન સુધી બેન્કના ખાતામાં જેમની તેમ પડી રહેલ છે અને પરત આપવા મળેલ નથી જેના કારણે આર્થીક નુકશાન થાય છે જેથી આ રકમ પરત મેળવવા આ અરજી કરવામાં આવેલ છે. અરજી વંચાણે લીધી. સબંધીત પોલીસ દ્વારા રજુ કરવામાં આવેલ અભિપ્રાય વંચાણે લીધો. અને અરજી ની સાથેના દસ્તાવેજી આધારો ધ્યાને લીધા.

૨. આ કામે નાયબ પોલીસ અધિક્ષકશ્રી, સાઇબર ક્રાઇમ સેલ, સી આઇ ડી ક્રાઇમ , ગુજરાત રાજ્ય, ગાંધીનગર દ્વારા રજુ થયેલ અભિપ્રાય ધ્યાને લેતા તેમાં એવો ઉલ્લેખ છે કે સાઇબર ક્રાઇમનો ભોગ બનનાર ના નાણા ઓનલાઇન ટ્રાન્સફર થતા હોય છે જેથી આ પ્રકારના ગુના આટકાવવા માટે સાઇબર ક્રાઇમ ઇન્સીડન્સ રીસ્પોન્ડ યુનીટ (IRU) દ્વારા સાઇબર ક્રાઇમનો ભોગ બનનાર ના નાણા જ્યારે ઓનલાઇન ટ્રાન્સફર થતા હોય છે ત્યારે તેને તાત્કાલીક અસરથી રોકવાની કામગીરી કરવામાં આવે છે. સાઇબર ક્રાઇમનો ભોગબનનાર વ્યક્તિ દ્વારા પોતાની ફરીયાદ સીધી ૧૦૦ (હાલમાં ૧૯૩૦) પર ડાયલ કરવામાં આવતા ઇન્સીડન્સ રીસ્પોન્ડ યુનીટ (IRU) દ્વારા ટીકીટ નંબર આપવામાં આવે છે અને સાથે સાથે શંકાસ્પદ બેન્કખાતામાં જે તે વ્યક્તીના નાણા ગયેલ હોય તે બેન્કને નાણા ફ્રીજ કરાવવા જણાવવામાં આવે છે અને જો નાણા ત્યાંથી ટ્રાન્સફર થઇ ગયેલ હોય તો તેની

માહીતી આપવા માટે નોટીશ આપવામાં આવે છે અને નોટીશના આધારે તે બેન્ક દ્વારા શંકાસ્પદ રીતે મેળવાયેલ નાણા ક્રી પ્રો કોડની કલમ ૧૦૨ મુજબ ફ્રીજ કરવામાં આવે છે જે નાણા પરત મેળવવા માટે અરજદારએ હાલની અરજી કરેલ હોય તે ખાતા ની ફ્રીજ થયેલ રકમ બાબતે પોલીસ સમક્ષ કોઇ વાંધો તકરાર આવેલ નથી જેથી અરજદારને તે રૂપીયા પાછા આપવાનો અભિપ્રાય થાય છે તેવો સ્પષ્ટ અભિપ્રાય આપવામાં આવેલ છે.

**3.** આ કામે કેસ પેપર્સ તેમજ અન્ય જરુરી દસ્તાવેજો ધ્યાને લેતા તેમજ નામદાર સર્વોચ્ચ અદાલતના ન્યાયમૂર્તિ એમ.બી.શાહ સાહેબ અને માનનીય ન્યાયમુર્તિ શ્રી ડી.એમ.ધર્માધિકારી સાહેબની બેન્ચે આપેલ ચુકાદો ૨૦૦૩(૧)જી. એલ.એચ.પાના નં. ૩૦૭ માં આપેલ માર્ગદર્શક સિધ્ધાંતોને ધ્યાને લેતા, તેમાં એવુ ઠરાવેલ છે કે, દેશની તમામ કોર્ટોના મેજિ.શ્રીએ મુદ્દામાલ વાહન અથવા અન્ય કિંમતી મુદ્દામાલ પોલીસ સ્ટેશનમાં નહી રાખવા દેવા અને મુદ્દામાલ વાહનની માંગણી તેના માલિક કરે ત્યારે તાત્કાલિક વિના વિલંબે સોપી આપવા હુકમ કરવો જોઈએ. એટલુ જ નહી પરંતુ વાહન પરત લેવાની અરજીની સુનાવણી ચાલતી હોય અને તેમાં દલીલ થવામાં વાર લાગે તેમ હોય અને તેનો નિકાલ થવામાં વાર લાગે તમ હોય તો આવી અરજીની સુનાવણી દરમ્યાન વચગાળાની કસ્ટડી તરીકે વાહનનો નિકાલ કરવો જોઈએ અને તે વાહન વધુ સમય પોલીસ સ્ટેશનમાં કોઈપણ સંજોગોમાં પડી ન રહે તે જોવુ જોઈએ અને ક્રી પ્રો કોડની કલમ -૪૫૧ હેઠળની સત્તાનો ઉપયોગ ન્યાયીક  રીતે ઝડપથી મેજીસ્ટ્રેટે કરવો જોઈએ તેમ જણાવેલ હોય તેમજ ના.સુપ્રીમ કોર્ટના ચુકાદાઓ (૧) રાજેન્દ્રપ્રસાદ વિ. સ્ટેટ ઓફ બીહાર (૨) સુંદરભાઈ અંબાલાલ દેસાઈ વિ. સ્ટેટ ઓફ ગુજરાત (૩) ભરત મહેતા વિ. ઈન્સ્પેકટર ઓફ ચેન્નાઈ તેમજ ના. ગુજરાત હાઈકોર્ટના ચૂકાદાઓ ધ્યાને લેતા તેમાં એવુ ઠરાવેલ છે કે, દેશની તમામ કોર્ટોના મેજિસ્ટ્રટશ્રી એ મુદ્દામાલ વાહન

અથવા અન્ય કિંમતી મુદ્દામાલ પોલીસ સ્ટેશનમાં નહી રાખવા દેવા અને મુદ્દામાલ વાહનની માંગણી તેના માલિક કરે ત્યારે તાત્કાલિક વિના વિલંબે સોપી આપવા હુકમ કરવો જોઈએ. એટલુ જ નહી પરંતુ વાહન પરત લેવાની અરજીની સુનાવણી ચાલતી હોય અને તેમાં દલીલ થવામાં વાર લાગે તેમ હોય અને તેનો નિકાલ થવામાં વાર લાગે તેમ હોય તો આવી અરજીની સુનાવણી દરમ્યાન વચગાળાની કસ્ટડી તરીકે વાહનનો નિકાલ કરવો જોઈએ અને તે વાહન વધુ સમય પોલીસ સ્ટેશનમાં કોઈપણ સંજોગોમાં પડી ન રહે તે જોવુ જોઈએ અને સી.આર.પી.સી. કલમ–૪૫૧ હેઠળની સત્તાનો ઉપયોગ ન્યાયીક રીતે ઝડપથી મેજીસ્ટ્રેટે કરવો જોઈએ તેમ જણાવેલ હોય, તે દિશા નિર્દેશનું ચુસ્તપણે પાલન થવુ જોઈએ. આમ, ના. સુપ્રિમ કોર્ટ તથા ના. હાઈકોર્ટના વિવિધ ચૂકાદાઓમાં આપવામાં આવેલ આદેશનુ પાલન કરતા તથા ક્રિમીનલ પ્રોસીજર કોડની જોગવાઈ ઓ ને ધ્યાને લેતા તથા હાલના આ કેશના સંજોગો નેધ્યાને લેતા તથા મુદ્દામાલ બાબતે સક્ષમ અધિકારીશ્રીનો સ્પષ્ટ અભિપ્રાય ધ્યાને લેતા એવુ જણાય છે કે, તપાસના કામે આ કામના ત.ક.અધિ.શ્રી ને હવે આ કામે ફ્રીજ કરેલ નાણાની જરૂરીયાત જણાતી ન હોય અરજદાર ને તેમના મુદ્દામાલથી વંચિત રાખવા તે ન્યાયી અને વ્યાજબી જણાતુ ન હોઈ, ક્રિ.પ્રો.કોડની કલમ–૪૫૧ અને ૪૫૭ ની જોગવાઈ ધ્યાને લેતા આ કામે અરજદારની જે રકમ ફ્રીજ કરવામાં આવેલ છે તે રકમ અરજદારને વચગાળાની કસ્ટડી થી સોપવાનો હુકમ કરવો યોગ્ય અને ન્યાયી જણાઈ આવતુ હોઈ જેથી નીચે મુજબનો આખરી હુકમ કરવામાં આવે છે.

## :: આ ખ રી હુ ક મ ::

૧. અરજદાર ની અરજી આથી મંજુર કરવામા આવે છે

૨. આ કામે અરજદારના બેન્ક ખાતામાંથી ગયેલ નાણા પૈકીની અરજીમાં જણાવેલ રકમ ક્રી પ્રો કોડની કલમ ૧૦૨ મુજબ ફ્રીજ કરવામાં આવેલ હોય જેથી અરજદારની ફ્રીજ થયેલ રકમ બાબતે

વલસાડ સાઈબર ક્રાઈમ પોલીસ સ્ટેશન માં  અરજદારની ફ્રીજ થયેલ રકમની  દોઢી રકમના  સધ્ધર  જામીન  તેમજ તેટલી જ રકમનો મુચરકો આપ્યેથી નીચેની શરતોને  આધિન અરજદારની ફ્રીજ થયેલ રકમ સબંધીત બેન્ક દ્વારા અરજદારના બેન્ક ખાતામાં પરત જમા કરવાનો  હુકમ  કરવામાં આવે છે.

**<u>શરતો :</u>**

(૧) અત્રેની અદાલત જ્યારે ફરમાવે ત્યારે અરજદારએ આ નાણા અદાલત સમક્ષ રજુ કરવાના રહેશે

(૨) આ કામે જેના ખાતામાં નાણા જમા થયેલા તે વ્યક્તિ કે અન્ય કોઈ વ્યક્તિ આ નાણા બાબતે પોતાનો હક્ક દાવો કરે અને તે હક્ક /હીત પુરવાર થાય તો તેવા સંજોગોમાં અરજદારએ આ નાણા અત્રેની કોર્ટમાં જમા કરવવાના રહેશે.

(૩) મુદ્દામાલનાણાનો ગુનાહીત પ્રવૃત્તિમાં ઉપયોગ કરવો નહી.

(૪) અરજદારે પોતાના કાયમી રહેણાંક તેમજ ધંધાનુ સરનામુ તથા મોબાઈલ ફોન નંબર , પુરાવા સાથે સાઈબર ક્રાઈમ પોલીસ સ્ટેશન વલસાડમાં રજુ કરવુ તથા સરનામુ અને મોબાઈલ ફોન નંબર બદલવાનું થાય તો તેની તુરંત  જ  સબંધીત પોલીસ સ્ટેશનમાં જાણ કરવી

(૬) સાઈબર ક્રાઈમ પોલીસ સ્ટેશનમાં  જામીન તથા જાતમુચરકા રજુ કરવા.

(૭) સાઈબર ક્રાઈમ પોલીસ સ્ટેશન દ્વારા  જામીન તથા જાતમુચરકા લીધા બાદ અરજદારના નાણા અરજદારના બેન્કખાતામાં સમય મર્યાદામાં જમા થાય તે માટે સબંધીત બેન્કને તાત્કાલીક અસરથી અત્રેની કોર્ટના  હુકમ ની જાણ કરવી અને સાઈબર ક્રાઈમ પોલીસ

સ્ટેશન દ્વારા હુકમની અમલવારી માટે સબંધીત પોલીસ સ્ટેશનને યાદી કરવી.

સાઈબર ક્રાઈમ પોલીસ સ્ટેશન વલસાડને  આ હુકમની યાદી તાત્કાલીક અસરથી કરવી અને હુકમની અમલવારી સરળતાથી થઇ શકે તે માટે હુકમની સાથે  અરજદારની અરજીની નકલ સામેલ રાખવી.

હુકમ  આજ રોજ તા. ૧૧ મી ફેબ્રુઆરી, ૨૦૨૩ ના રોજ યોજવામાં આવેલ સ્પેશીયલ મેજીસ્ટ્રીયલ સીટીંગમાં વાંચી સંભળાવી જાહેર કર્યો.

**તા. ૧૧/૦૨/૨૦૨૩**
**સ્થળ : વલસાડ**

**(વિનય ડી મોઢ)**
**ચીફ જ્યુડીશીયલ મેજીસ્ટ્રેટ**
**વલસાડ**